Extra No. 430

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVI ]  WEDNESDAY, DECEMBER 31, 2025 / PAUSHA 10, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-C**

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

**કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી**

**હુકમ**

સેક્ટર-૧૧, ગાંધીનગર, ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૫

**વંચાણે લીધુ:-**

➢ પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. એસઓજી/PATHIK હો.ગે.હા.જા.નુ/૯૯૪/૨૫, તા.૧૯/૧૨/૨૦૨૫

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ હુકમ**

**નં. ડીસી/જાહેરનામું/વશી.૧૧૮૭૭ થી ૧૧૯૦૮/૨૦૨૫:** ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાયેલ છે કે ત્રાસવાદી/ અસામાજીક તત્વો મહત્વના શહેરોમાં આવેલ હોટલ-ગેસ્ટ હાઉસમાં રોકાણ કરતા હોય છે અને આવા શહેરોના સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી તેમજ અસામાજીક પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. આ સ્થિતીને નિવારી શકાય અથવા તો અંકુશ મૂકી શકાય તે સારૂ તેમજ રાષ્ટ્રીય સુરક્ષા અને સલામતી માટે ભયજનક વ્યક્તિઓ તથા આંતકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્રીય હીતમાં મેળવવા માટે પોલીસતંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે જરૂરી છે. ગાંધીનગર જિલ્લાની હોટલોમાં રોકાયેલ યુવક યુવતીઓ અનુસંધાને અનિચ્છનીય બનાવ બનેલાનું ધ્યાને આવેલ. આવા બનાવોની સમાજમાં ખૂબજ ખરાબ અસર પડતી દેખાય જેથી જાહેર સલામતી સારૂ તેમજ જે લોકો હોટલમાં રૂમ ભાડે રાખે છે તેઓના હીત ખાતે અને સમાજમાં સારો સંદેશ પહોંચે તે હેતુથી હોટલ રૂમ લેનાર વ્યક્તિઓ ઉપર અંકુશ રાખવો જરૂરી જણાય છે.

તેમજ આજના આધુનિક જમાનામાં દરેક ક્ષેત્રે બદલાવ આવેલ છે તેમજ ટેકનોલોજીનો વ્યાપ પુષ્કળ પ્રમાણમાં વધી ગયેલ છે તેમજ કોઈ પણ શહેરમાં રોકાણ કરવાની વ્યવસ્થાઓનો વ્યાપ વધી ગયેલ હોવાથી ગુન્હેગારોનું કાર્યક્ષેત્ર સ્થાનિક ગામ-શહેર કે રાજ્ય પુરતુ મર્યાદિત રહેલ નથી તેમજ અન્ય શહેર કે રાજ્યના ગુન્હેગાર આવા શહેરોની હોટલો, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાઈ ગુન્હાને અંજામ આપી સહેલાઈથી નીકળી જતા હોય છે જેથી હોટલો ઉપર રોજે રોજ મેન્યુઅલિ ચેક કરવી પોલીસ માટે પડકાર થઈ પડે છે. જેથી હોટલો, ગેસ્ટ હાઉસ, ધર્મશાળાના માલિકે ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રીની સાથે દરેક હોટલે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવા તેમજ પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ PATHIK (Programe for Analysis of Traveller & Hotel Informatiks) સોફ્ટવેર ઈન્સ્ટોલ કરાવી PATHIK સોફ્ટવેરમાં એન્ટ્રી કરાવવા માટે હોટલો, ગેસ્ટ હાઉસ, ધર્મશાળાના સંચાલકોને પાલન કરવા પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરના વંચાણે લીધેલ પત્રથી જરૂરી જાહેરનામું બહાર પાડવા અત્રે જરૂરી દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું મેહુલ કે. દવે આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ ગાંધીનગર જિલ્લાની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) હોટલ/ગેસ્ટ હાઉસમાં આવનાર દરેક મુસાફરના તેમના જ હસ્તાક્ષરમાં રજીસ્ટરમાં જરૂરી નોંધ કરવામાં આવે અને PATHIK સોફ્ટવેરમાં એન્ટ્રી કરાવવામાં આવે.

(૨) આ રજીસ્ટરમાં મુસાફરની સહી સાથે પુરુષ મુસાફરના ડાબા હાથના અંગુઠાનુ અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનુ નિશાન લેવામાં આવે.

(૩) દરેક મુસાફર પોતાની સંપુર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મો. નંબર, તેમજ હોટલ કે ગેસ્ટ હાઉસથી નજીકના સ્થળે રહેતા મુસાફરના પરીચીત/સગા/ઓળખીતાનુ નામ, સરનામુ, ટેલીફોન - મો. નંબરની વિગતો આ રજીસ્ટરમાં નોધવામાં આવે તે જોગવાઇ ફરજીયાત પણે કરાવવી. તેમજ આ હકીકત નોધાવવાની જવાબદારી હોટલ-ગેસ્ટ હાઉસના સંચાલકની નિયત કરવામાં આવે.

(૪) મુસાફરના ઓળખ કાર્ડ (ચૂંટણીકાર્ડ, ડ્રાયવીંગ લાયસન્સ, કચેરીનુ આઇકાર્ડ, વિગેરે)ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી હોટલ, ગેસ્ટહાઉસના દફતરમાં રાખવી.

(૫) ગાંધીનગર જિલ્લાના વિસ્તારોની હોટલ-ગેસ્ટ હાઉસના લાયસન્સ નોધવામાં આવેલ માલીક સિવાય કોઇએ હોટલનું સંચાલન કરવુ નહીં તેમજ આવી હોટલ-ગેસ્ટ હાઉસ કોઇપણ પ્રકારના દિવાની હક્ક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરો ખતથી ચલાવવા આપવી, વિગેરે અન્ય કોઇ વ્યક્તિને સુપ્રત કરવા માટે મનાઇ જાહેર કરવામાં આવે.

(૬) કોઇ પણ હોટલ/ગેસ્ટ હાઉસ માલિક નક્કી કરેલ ભાડાથી ઓછુ ભાડું લઇ શકશે નહીં.

(૭) હોટલમાં પ્રવેશ કરતા તથા પરત જતા ગ્રાહકોના ચહેરા સીસીટીવીમાં સ્પષ્ટ આવે તે રીતે કેમેરા ઈન્સ્ટોલ કરાવવાના રહેશે.

(૮) આવાસની સુવિધા મેળવનાર યુવક, યુવતિ (સ્ત્રી-પુરૂષ) બેગ અને કોઇ પણ સામાન (જેમાં સ્કૂલ કે કોલેજ બેગનો સમાવેશ નહીં થાય) વગર આવ્યા હોય અને તેઓ ૩ કલાક કે તેથી ઓછા સમયમાં રૂમ છોડે ત્યારે તેઓના નામ-સરનામા અને મોબાઇલ નંબર સાથે તાત્કાલિક સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

(૯) ગાંધીનગર જિલ્લાની હદમાં આવેલ હોટલો-ગેસ્ટ હાઉસો, ધાબાના માલીકો તથા મેનેજર/ તમામ કર્મચારીઓના નામ, સરનામુ, નજીકના સગાની વિગતો, આંગળાની છાપો, વિગેરેની હકીકતો તેમજ આવી હોટલોની અન્ય સાથી હોટલ-ગેસ્ટ હાઉસ (SISTER CONCERN) ક્યાં ક્યાં સ્થળે આવેલ છે તેમના માલીક/મેનેજર/સંચાલકના નામ, સરનામું, ટેલીફોન - મો. નંબરની લેખિત માહિતી સંબધીત પોલીસ સ્ટેશન, સંબંધ કરતાં સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ તથા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટને ફરજીયાત આપવી.

(૧૦) હોટલ ગેસ્ટ હાઉસમાં રોકાતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર તથા વાહનનો પ્રકાર તેમજ પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવી.

(૧૧) હોટલના સ્ટાફ / માલિકે શંકાસ્પદ વ્યક્તિની જાણ નજીકના પોલીસ સ્ટેશને કરવાની રહેશે.

(૧૨) હોટલ ગેસ્ટ હાઉસ વિશેના માલિકે ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રીની સાથે દરેક હોટલે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઇન્ટરનેટ કનેક્ટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવુ જેમાં અમદાવાદ શહેર પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ PATHIK (Programs for Analysis of Traveler & Hotel informatic) સોફ્ટવેર ઇન્સ્ટોલ કરાવી રજીસ્ટરમાં થતી એન્ટ્રી આ PATHIK સોફ્ટવેરમાં કરવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમમાં ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતાં હે. કોન્સ. કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ, આથી એકતરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો મારફતે બહોળી પ્રસિદ્ધિ દ્વારા તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો/પોલીસ ચોકીઓ, તમામ મામલતદાર કચેરીઓ, તમામ તાલુકા પંચાયત કચેરીઓ તથા પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરની કચેરીના નોટીસ બોર્ડ પર આ હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ પર હુકમની નકલ ચોટાડી પ્રસિદ્ધિ કરવામાં આવશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રીએ આ હુકમની જાહેર જનતા સહેલાઈથી વાંચી શકે તે રીતે યોગ્ય સાઈઝના બોર્ડ બનાવી તેઓના કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર સ્થળોએ મુકવાના રહેશે. આ હુકમને સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવો.

આ હુકમ તા.૦૧/૦૧/૨૦૨૬ થી તા.૦૧/૦૩/૨૦૨૬ સુધી બંને દિવસો સહિત અમલમાં રહેશે.

આજ તા.૩૧/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**મેહુલ કે. દવે,**

જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.27 21:41:40 IST